Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-14, Issue-1, June-2020
www.researchguru.net

# એક ઐતિહાસિક પ્રવાસન સ્થળ: રાજમહેલ સંતરામપુર

**શૈલેન્દ્રસિંહ માનસિંહ રાણા**
(એમ.ફીલ રીસર્ચ સ્કોલર), ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

**પ્રસ્તાવના**: ઇતિહાસમાં સંશોધન ક્ષેત્રે નવા પ્રવાહોમાં પ્રવાસન ક્ષેત્ર ઉમેરાયુ છે. પ્રવાસન સંદર્ભે સંશોધન એક નવો પ્રવાહ છે. પ્રવાસન જેવાં વિષયમાં હજુ સુધી ઓછા-વતાં પ્રમાણમાં સંશોધન કાર્ય થયું છે. આપણે જાણીએ છીએ તેમ મહાભારત અને રામાયણ કાળથી પ્રવાસનનું મહત્વ રહ્યું છે. લોકો એક પ્રદેશથી બીજા પ્રદેશમાં પરિભ્રમણ કરતાં રહ્યાં છે. જો કે એક પ્રદેશથી બીજા પ્રદેશમાં જવાના કારણો જુદા જુદા રહ્યાં છે. જેમાં સામ્રાજ્ય વિસ્તાર, ધર્મ વિસ્તાર, જ્ઞાન વિસ્તાર, ધંધા રોજગાર અર્થે, મનોરંજન અર્થે, સારવાર અર્થે તેમજ સાહસિક પ્રવૃતિઓ અને અન્ય પ્રવૃતિઓનો સમાવેશ થાય છે. રાજા-મહારાજાઓ પોતાના સામ્રાજ્યનો વિસ્તાર કરવા માટે બીજા પ્રદેશમાં જતાં હતાં અને યુધ્ધ કરતાં ત્યારે તેઓ પોતાના સૈન્ય સાથે મહિનાઓ સુધી રહેતાં હતાં. મહાન રાજા અશોક તેમના સંતાનો પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રાને બૌધ્ધ ધર્મના પ્રસાર અર્થે શ્રીલંકા મોકલ્યા હતાં. જ્યારે નાલંદા વિશ્વ વિદ્યાલયમાં દેશ વિદેશથી વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવતાં હતાં. ચીનમાંથી બૌધ્ધ ધર્મનો અભ્યાસ કરવા માટે ફાહિયાન, હ્યુ.એન.ત્સેંગ, ઇત્સિંગ જેવા પ્રવાસીઓ ભારતમાં મહિનાઓ અને વર્ષો વિતાવ્યાં હતાં. જેમાં તેમણે ભારત દેશના રાજકીય, સામાજિક, ધાર્મિક, સાસ્કૃતિક અને આર્થિક પાસાઓ વિશે ઉંડાણપૂર્વક નોંધો બનાવી પોતાના દેશમાં લઇ ગયાં હતાં.(૧)રામાયણ અને મહાભારત કાળના લેખોનું અધ્યયન કરીને એલેકઝાન્ડર કનિંગહામે ભારતના પ્રાચીન સંસ્કૃતિ અને નગરોની શોધ કરી હતી. ત્યાર બાદ કેટલાક સાહસિકો પોતાના શોખ પુરા કરવા પ્રવાસ ખેડતાં રહયાં.

ભારતના સર્વપ્રથમ મુસાફર તરીકેનો યશ કદાચ અગત્સ્ય મુનિને ફાળે જાય છે તેમણે જ દુર્ગમ વિંધ્ય પર્વત પસાર કરીને દક્ષિણનો પ્રવાસ કર્યો તથા કદાચ વિશ્વના પ્રથમ સાગર ખેડું પણ તેઓ જ બન્યા.(૨)વિશ્વમાં પ્રવાસન ક્ષેત્રે ભારત દેશ પણ આગળ વધે તે માટે ભારત સરકાર દ્વારા અનેક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યાં છે. વૈશ્વિક ધરોહરમાં સામેલ થયેલા સ્થળોએ વિકાસ કરવામાં આવી રહ્યો છે. પ્રવાસનક્ષેત્રે આવતાં અવરોધને દૂર કરવા માટે ભારત સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ગુજરાત સરકાર દ્વારા પણ પોતાના રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રે હરણફાળ ભરવા માટે નવી યોજનાઓ અમલમાં મુકવામાં આવે છે. જેમ કે, વાયબ્રન્ટ ગુજરાત, ખુશ્બુ ગુજરાત કી, રણોત્સવ, નવરાત્રિ મહોત્સવ, પતંગોત્સવ, નર્મદા પરિક્રમા તેમજ અનેક પ્રકારના મેળાઓનું ગુજરાત સરકાર દ્વારા આયોજન કરવામાં આવે છે. અમિતાભ બચ્ચન જેવાં સ્ટાર અભિનેતાને ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે વિશ્વભરમાંથી પ્રવાસીઓને આકર્ષવા માટે નિયુક્ત કરવામાં આવ્યાં છે. કુછ દિન તો ગુજારીએ ગુજરાત મે ટેગલાઇનથી લાખો કરોડો પ્રવાસીઓને ગુજરાત સરકાર આકર્ષવા માટે કાર્ય કરી રહી છે. આંકડાઓ અનુસાર ગુજરાત પ્રવાસનક્ષેત્રે ભારતમાં સાતમા ક્રમે રહ્યું છે.

પ્રવાસનનો અર્થ

પ્રવાસન એટલે પોતાના નિવાસ તથા કામના સામાન્ય સ્થળેથી લોકોનું અન્ય સ્થળે કામચલાઉ રીતે જવું અને ગંતવ્ય સ્થળે આ લોકોની સુખાકારી અને પ્રવૃતિઓ માટે ઉભી કરાયેલી સગવડો(3)

પ્રવાસનએ વ્યક્તિઓની ગતિવિધિઓને કહેવામાં આવે છે જે પોતાના પરિચિત વાતાવરણથી બહાર યાત્રા કરે છે. રોકાય છે. ૧ વર્ષથી ઓછા સમયનો નિવાસ આરામ તથા અન્ય ઉદ્દેશ્યો માટે થઇ શકે.(૪)

પ્રવાસન એટલે પોતાના નિયમિત આવાસથી દૂર ગયેલ વ્યક્તિનો તેની જરૂરિયાતોને

અનુલક્ષીને તેના મંતવ્યના સ્થાને ઉભી કરેલી સગવડોનો અને આ ઉભયની જરૂરિયાતો માટે ઉભી થયેલી સગવડોનો સમગ્ર રીતે યજમાન સમાજ ઉપર થયેલી અસરોનો અભ્યાસ.(૫)

એ.આઇ.એ.એસ.ટી. (AIEST) એ ઇ.સ.૧૯૮૧ માં પ્રવાસનની વ્યાખ્યા આપતાં લખ્યું છે કે વતનના પરિવેશથી બહાર કરવામાં આવતી પસંદગીની પવૃતિઓનો સમૂહ એટલે પ્રવાસન.

સ્વીસ પ્રોફેસર હુન્ઝીકર અને કાફ્ટના મતાનુસાર પ્રવાસનએ પ્રવૃતિઓ અને બંધોનું એક ગઠબંધન છે. જે પાત્ર અને પ્રવાસના રહેઠાણથી ઉત્પન્ન થાય છે. પરંતુ તે સ્થાયી નિવાસની ક્રિયા સંબંધિત નથી.

મહિસાગર જિલ્લાના પ્રવાસન સ્થળો:

(૧) ઐતિહાસિક પ્રવાસન સ્થળો

રાજમહેલો- લુણાવાડા, સંતરામપુર, બાલાશિનોર, સુદર્શન તળાવ (બાલાશિનોર), સ્વરૂપ સાગર તળાવ (લુણાવાડા), અભેસિંહની વાવ (લુણાવાડા), સાસુ વહુની વાવ (કલેશ્વરી નાળ- ખાનપુર), ગોવિંદગુરૂ સ્મૃતિવન (માનગઢ, સંતરામપુર), લાલીયા લુહારનો કિલ્લો (ધામોદ).

(૨) ધાર્મિક પ્રવાસન સ્થળો

નદી નાથ મહાદેવ, મહેલોલીયા મહાદેવ, કાલભૈરવ મંદિર, વિશ્વનાથ મહાદેવ મંદિર તથા ગૌસુખધારા કેળધરા, દેવળમાતાનું મંદિર અને જોગી સ્તંભ, આઇશ્રી ખોડીયાર મંદિર, કાલિકા મંદિર( લુણાવાડા), સ્વામિનારાયણ મંદિર (ગોધરા અને વિરપુર)

મહાન સંતશ્રી ભોમાનંદ મહારાજ, મીઠા ગણેશ, દસનામ સંસ્યાસ અખાડો, મલેકપુર, હનુમાનજી મંદિર, ત્રિવેણી સંગમ કાકચીયા, જેરમાઇ માતા ખાનપુર, શનિદેવનું મંદિર લુણાવાડા, કબીર આશ્રમ, મહિસાગર મંદિર, કેદારેશ્વર મંદિર ધામોદ, વૈષ્ણવ મંદિર, ઇશવરીમાતાનું મંદિર, મુક્તેશ્વર મહાદેવ, કદમખાઇ ધવલેશ્વર મહાદેવ, ગોકુલનાથજીની હવેલી, રામજી મંદિર, નવગ્રહ મંદિર, અર્બુદા માતાનું મંદિર (લેબાની વાવ), રાધાકૃષ્ણ મંદિર, સમાધિ સ્થળ સીમલીયા.

મુસ્લીમ ધાર્મિક સ્થળો:

દરિયાઇ પીરની દરગાહ- વીરપુર,

કારંટાની દરગાહ- ખાનપુર

સાંસ્કૃતિક પ્રવાસન સ્થળો:

કલેશ્વરીનો મેળો, ઉર્સનો મેળો (ખાનપુર, વિરપુર, બાલાસિનોર), જન્માષ્ટમીનો મેળો (મલેકપુર કડાણા), માનગઢીનો મેળો (સંતરામપુર), રવાડીનો મેળો (સંતરામપુર), ઝાલા બાવજીનો મેળો (સંતરામપુર), ચાડિયાનો મેળો (કડાણા સંતરામપુર), ભાઇ-બીજનો મેળો (માલવણ સંતરામપુર)

સંગ્રહાલય પ્રવાસન સ્થળો:

શ્રી કુબેરદાસ કેવળજી જૈન ઉપાશ્રય, હસ્તપ્રત ભંડાર, શ્રી લાલસિંહજી સાર્વજનિક લાઇબ્રેરી (બાળપુસ્તકાલય), સંસ્કૃત પાઠશાળા (લુણાવાડા), રાજમહેલો (લુણાવાડા, સંતરામપુર, બાલાશિનોર).

પર્યાવરણીય પ્રવાસન સ્થળો:

સાતકુંડા ધોધ (સંતરામપુર), વાવકુવા ભાદરવી ધોધ (ખાનપુર), કડાણા ડેમ, ભાદર ડેમ, વણાકબોરી ડેમ, મીરા ખેડી આશ્રમ દેણ, ભીમ ભમેડા (ઇડરીયા ડુંગરની યાદ અપાવનાર- બાલાશિનોર), ત્રિવેણી સંગમ કાકચીયા, નરોડા, ખુટેલાવ, ધોળા ખાખરા, કકા તળાવો.

શૈક્ષણિક પ્રવાસન સ્થળો:

સજ્જન કુંવરબા હાઇસ્કૂલ- લુણાવાડા, કિશાન હાઇસ્કૂલ- લુણાવાડા, પી.એન. પંડ્યા આર્ટસ અને સાયન્સ કોલેજ- લુણાવાડા, સંસ્કૃત પાઠશાળા- લુણાવાડા, આઇ.ટી.આઇ. કોલેજ (દરેક તાલુકામાં), ડાયટ સંતરામપુર.

મેડિકલ પ્રવાસનના સ્થળો:

લીલાવતી હોસ્પિટલ લુણાવાડા,

સંજીવિની સુવિધા હોસ્પિટલ લુણાવાડા,

સામુહિક આરોગ્ય કેન્દ્ર (દરેક તાલુકામાં)

વ્યવસાયિક પ્રવાસન સ્થળો :

આંબેળિયા માટે પ્રખ્યાત (લુણાવાડા, ગૃહ ઉદ્યોગ),

લસણ (લાલ લસણ) માટે પ્રખ્યાત (લુણાવાડા, સંતરામપુર)

**રાજમહેલ (સંતરામપુર ):-**

સુંથ અને રામપુર એ બંને વચ્ચે અડધા માઈલનું અંતર પરંતુ આજે નગરનો વિકાસ થતાં બંને એક- મેક માં

ભળી ગયાં છે. આજે તે સંતરામપુર નગર તરીકે ઓળખાય છે .સંતરામપુર આજે ગુજરાત રાજ્યમાં મહીસાગર જીલ્લાનો એક તાલુકો છે. તેની ઉત્તરે રાજસ્થાન રાજ્ય ના ડુંગરપુર અને બાંસવાડા નામના પ્રદેશો આવેલા છે તથા પશ્ચિમ દિશાએ ૩૩ કી.મી દુર મહીસાગર જિલ્લાનું વડુ મથક લુણાવાડા વસેલું છે. આ પ્રદેશ આજે પણ ઘટાદાર જંગલો અને નાના ડુંગરાઓ થી ભરપુર છે .આ સૂંથના રાજાઓ ઉજ્જૈન નગરીના વિક્રમાદિત્ય રાજા તથા ધાર નગરીના ભોજરાજા ના વંશના અને પરમાર જાતિમાં મહિપાવત શાખાના રાજપુત વંશ ના છે. આ વંશનો મૂળ પુરુષ જાલમસિંહ ઇ.સ. ૧૧મી સદીમાં આબુ ના ડુંગર પાસેની ચંદ્રાવતી નગર થી હતા. આજે પણ ચંદ્રાવતી નગરીના ઢગલાબંધ અવશેષો ચંદ્રાવતી ગામ માં જોઈ શકાય છે .ગુજરાત પ્રદેશના તથા આબુ પર્વત પર નખી તળાવ પાસે આવેલા રાજકીય સંગ્રહાલયમાં જોઈ શકાય છે . ગુજરાત પ્રદેશના ઈશાન કોણના ભાગમાં આવેલ અને હાલના મહીસાગર અને પંચમહાલની પૂર્વ સરહદે આવેલા એક સ્થળે પોતાના નામ પર થી ઝાલોદ નામનું ગામ વસાવ્યું જે હાલમાં દાહોદ જિલ્લામાં છે ત્યાં સ્થિર થયા .તેમના પછી જહાજ સિંહ , બિકમસિંહ ,ઉદયસિંહ પ્રતાપસિંહ અને જાલમસિંહ નામ ના રાજાઓ એક પછી એક ઝાલોદ ની ગાદીએ આવ્યા. જાલમસિંહ ઈ. સ. ૧૨૪૭માં મુસલમાનો સાથેની લડાઈમાં મરણ પામ્યા .આ લડાઈમાં તેમને સંત નામનો કુંવર તથા જાલમસિંહ નો ભાઈ લિમદેવજી બચી ગયા. આ બંને કાકા ભત્રીજા ઝાલોદ છોડી ત્યાંથી પશ્ચિમ દિશાએ આવેલા ભીલોના પ્રદેશમાં સંતાયા આ પ્રદેશ ગીચ ઝાડીવાળો તથા ડુંગરાળ પ્રદેશ હતો. તેઓ ત્યાં થોડાં વર્ષ રહ્યા. ત્યારબાદ ઈ.સ. ૧૨૫૫ માં સંતે બ્રહ્મપુરી પાસે ભીલોડી ગામ ની જગ્યાએ ડુંગર ઉપર પોતાના નામથી સૂંથ નામનું ગામ વસાવ્યું .તેમના કાકા લિમદેવજીએ સૂંથની ઉત્તરે મહી નદી પાસેના ડુંગરમાં કડાણામાં રાજ્ય સ્થાપ્યું.

સુંથ રાજ્ય ના સ્થાપક રાણા સંત ના અવસાન પછી તેમની ગાદીએ નવઘણ, નાપાજી, પ્રથિસિંહ, સુરાજી અને જયસિંહ આવ્યા . જયસિંહને ત્રણ પુત્રો હતા તેમાં અખેરાજજી, ગજસિંહજી અને કુંભારાણા હતા .આ ત્રણે જણાએ વારાફરથી અનુક્રમે રાજ્ય કર્યું . કુંભારાણા ના સમયમાં ઈ. સ. ૧૪૨૪ થી ઈ. સ. ૧૪૪૩ સુધી ગુજરાતની ગાદીએ અહમદશાહ રાજ્ય કરતો હતો. આ સુલતાને સુંથ પર આક્રમણ કરતા સુંથના રાજવીઓ હાર્યા અને સુલતાનના ખંડિયા રાજા બન્યા. સુંથના રાજવીઓએ સૌપ્રથમ ખંડણી ગુજરાતની સ્વતંત્ર સલ્તનત માં સુલતાનોની ભરી .

રાણા કુંભા પછી રામસિંહ ,રાયમલ, મંડલિક નામના રાજાઓ સુંથની ગાદીએ આવ્યા .આ મંડલિકે ઈ. સ. ૧૫૩૬થી ઇ.સ. ૧૫૬૫ સુધી એમ કુલ ૨૯ વર્ષ રાજ્ય કર્યું .ત્યારબાદ સુરજમલજી ગાદીએ આવ્યા .આ રાજાને રતનસિંહ અને વાઘસિંહ નામના બે સંતાનો હતા. તેમાં પાટવીકુંવર રતનસિંહજી પિતાના મરણ બાદ ગાદીએ બેઠા. તેમને કુંવર ન હતો વળી તેમના ભાઈ વાઘસિંહ પણ મૃત્યુ પામ્યા .વાઘસિંહજી ના કુંવર પ્રથિસિંહજી પોતાના કાકા રતનસિંહજી ના અવસાન બાદ ગાદીએ બેઠા .તેમના મરણ બાદ તેમના કુવર સબલસિંહજી ગાદીએ આવ્યા.તે ઈ.સ ૧૬૩૫ માં અવસાન પામ્યા. ત્યારબાદ તેમના કુવર ગજસિંહજી ગાદીએ બેઠા. તેમના મરણ બાદ મહાવસિંહ ગાદીએ બેઠા. તેમણે ઈ. સ. ૧૭૦૪ સુધી રાજ કર્યું. મહાવસિંહ ના અવસાન બાદ ઈ. સ. ૧૭૦૪માં પ્રથિસિંહજી આવ્યા તેમણે ઇ.સ. ૧૭૩૫ સુધી રાજ્ય કર્યું .તેમના મરણ બાદ રતનસિંહજી ગાદીએ આવ્યા તેમણે ઈ.સ. ૧૭૫૩ સુધી રાજ કર્યું.

આ રતનસિંહ ને ચાર કુંવર અને એક કુંવરી એમ કુલ પાંચ સંતાનો હતા. તેમની કુંવરીને નજીકમાં આવેલા વંવાડા ના રાજા સાથે પરણાવી. આ રતનસિંહજી મરણ પામ્યા બાદ તેમના બારમા વખતે વાંસવાડા સિસોદિયા રાજવી તથા તેમના માણસો દુ:ખવટો કરવા સુંથ આવ્યા હતા. આવા સમયે આ વાંસવાડા ના રાજવીએ રતનસિંહ ના બાળ પાટવીકુંવર તથા તેમના બે નાના ભાઈઓ ને મારી નાખી સુંથ રાજ્ય પર કબજો કર્યો. પરંતુ ચોથો કુંવર બદનસિંહ બચી ગયો. તેને માલવણ ગામ ના ખાંટની અટક થી ઓળખાતા કોળી લોકોએ પોતાના ગામમાં લઈ જઈ ને બચાવી લીધો અને થોડો સમય જવા દઈ વાંસવાડા ઉપરનું વેર મનમાં રાખીને કોળીઓએ સુંથ ઉપર જબરજસ્ત હુમલો કરીને વાંસવાડા વાળાઓને ભગાડી મૂક્યા અને બદલસિંહને

સુંથ ની ગાદી ઉપર બેસાડ્યા. .બદનસિંહજી કારભાર સંભાળી શકે તેવા સમજણા ના થાય ત્યાં સુધી આ કોળી લોકોએ તેમનું રક્ષણ કર્યું. બદનસિંહજી મોટા થઈને શૂરવીર રાજા થયા .તેમણે વાસવાડા ઓનું વેર મનમાં રાખીને થોડા વર્ષ પછી વાંસવાડાઓના પિતરાઈ એવા ગડના ઠાકોર ની મદદ લઈને વાંસવાડા નો કેટલોક પ્રદેશ પોતાના કબજે કરી લીધો. ઈ. સ. ૧૭૮૪માં બદનસિંહજી ગુજરી ગયા. ત્યારબાદ તેમના પાટવીકુંવર શિવસિંહજી ગાદીએ બેઠા. તેમના સમયમાં ઈ. સ. ૧૮૦૩ માં કંપની થઈ .પરંતુ તે વખતમાં ગવર્નર જનરલ લોર્ડ કોર્નવોલીસ રાજપૂત રાજાઓ સાથે દોસ્તી બાંધવાની વિરુદ્ધ હતો. આથી આ કરાર રદ થયો .શિવસિંહજી નું અવસાન થતા તેમના પાટવીકુંવર કેસરીસિંહજી ગાદીએ બેઠા. કેસરીસિંહજીઈ. સ. ૧૮૧૯માં મૃત્યુ પામ્યા .તેમને એક ગજસિંહ નામનો બાળકુંવર હતો. તે ગાદીએ બેઠો .પણ થોડા મહિના પછી તે મરણ પામ્યો. તેમના મરણ બાદ કલ્યાણસિંહજી ગાદીએ આવ્યા. કલ્યાણસિંહ ના રાજ્યકાળ ના પ્રથમવર્ષે ઈ.સ ૧૮૧૯ માં સિંધિયાના ઘોડેસવારો ના લશ્કરે સુંથ રાજ્ય ઉપર ચડાઈ કરી .પરંતુ આ સમયે અંગ્રેજ સરકાર તરફથી સર જ્હોન માલ્કમે વચ્ચે પડીને સિંધિયાને પોતાનું લશ્કર પાછું બોલાવી લેવાની ફરજ પાડી .જો આ સમયે અંગ્રેજો વચ્ચે ન પડ્યા હોત તો સિંધિયાએ સુંથ રાજ્ય લઈ લીધું હોત અથવા તો વિનાશ કરી દીધો હોત .

બ્રિટિશ સરકારના મધ્યસ્થીપણાથી સિંધિયા અને સુંથ વચ્ચે એવો ઠરાવ નક્કી કરવામાં આવ્યો કે સુંથના રાજા વાર્ષિક ખંડણીપેટે રૂપિયા ૭૦૦૦ સિંધિયાને આપે .આ બંનેના મધ્યસ્થીપણા માં સુંથ રાજ્ય ઉપર નો ઉપરી અધિકાર અંગ્રેજ સરકારના હાથમાં આવ્યો. ઇ.સ. ૧૮૨૫ માં રેવાકાંઠા એજન્સીની સ્થાપના કરવામાં આવી . ત્યારે સુંથ રાજ્ય ને તેમાં દાખલ કરવામાં આવ્યું.

ઈ.સ ૧૮૩૫ માં કલ્યાણસિંહજીનું અવસાન થતાં બાળ વયના ભવાનીસિંહજી જેઓ માત્ર ત્રણ વર્ષના હતાં તે ગાદીએ બેઠા પરંતુ તેઓ પુખ્ત વયના ન થાય ત્યાં સુધી રાજ્યનો તમામ કારભાર તેમની મા અને મરનાર રાજાની વિધવા રાણી ગુલાબકુંવરબાએ ચલાવ્યો.

મહારાજા ભવાનીસિંહ લાયક ઉંમરના થયા તે દરમિયાન ઈ. સ. ૧૮૫૪માં પેલા માલવણના ખાંટ જાતના કોળીઆે તોફાન કરવા માંડ્યા. જે કોળી લોકોએ ભવાનીસિંહના પૂર્વજો એવા બદનસિંહ ની સારી એવી સેવા કરીને સુંથનું રક્ષણ કરેલું .મહારાજા ભવાનીસિંહે સરહદ ઉપર ફતેગઢી નામનો કિલ્લો બંધાવ્યો .આજે તે ફતેહ નો કિલ્લો કહેવાય છે. ઈશાન કોણમાં ભાણાશિમળ ગામ માં પોતાના તરફથી એક થાણેદાર તથા થોડા સવારો સાથેનું એક થાણું હતું.

ઇ.સ ૧૮૭૦ માં મહારાજા ભવાનીસિંહ ડ્યુક ઓફ એડિનબરોની મુલાકાત માટે મુંબઈ ગયેલા .તે સમયના મુંબઇ સરકારના મકાનો તથા રસ્તા વગેરેની વ્યવસ્થિત બાંધણી જોઈને પોતાના રાજ્યમાં પણ તે પ્રમાણે સુધારો કરવાનો વિચાર કર્યો હતો. પરંતુ ઈ. સ. ૧૮૭૨માં પોતાની ૪૦વર્ષની નાની ઉંમરે સાધારણ બીમારીથી તેમનું અવસાન થયું. તેમની પાછળ તેમનો ગાદીનો કોઈ વારસ ન હતો તથા તેમના વંશજોમાં કોઇ વારસ ન હોવાથી ચાલી આવતી તેમની શાખાઓનો નાશ થયો.

સુંથ રાજ્યની ગાદીએ દત્તક લેવાની સનદ અંગ્રેજ સરકાર તરફથી મળી નહોતી પરંતુ બ્રિટિશ સરકારે એક વર્ષની જમાબંધી જેટલી રકમ નજરાણું લઇને તેમની વિધવા રાણી ને દત્તક લઇ કુંવરને ગાદીએ બેસાડવા ની પરવાનગી આપી આથી વિધવા રાણી ૧૪ મી પેઢી પહેલા સિંગાવાડાના એક પોતાના કુટુંબીમાંના બાર વર્ષના કુંવાર પ્રતાપસિંહને દત્તક લઈને ગાદીએ બેસાડ્યા.

પ્રતાપસિંહજી બાર વર્ષના હોવાથી બ્રિટિશ સરકારે રાજ્ય ઉપર જપ્તી મૂકી અને પ્રતાપસિંહને રાજકોટની રાજકુમાર કોલેજમાં વિદ્યાભ્યાસ માટે મોકલ્યા. આ કોલેજમાં કુવર અંગ્રેજી અને ગુજરાતી ભાષાની કેળવણી લઈને રાજ્ય ચલાવવા લાયક થયા ત્યારે વીસ વર્ષની ઉંમરે એટલે કે ઇ.સ ૧૮૮૦માં સુંથ રાજ્ય પરથી અંગ્રેજોએ જપ્તી ઉઠાવી લીધી અને પ્રતાપસિંહને સત્તાના તમામ સૂત્રો સોંપી દીધા. તે અગાઉ ઈ. સ. ૧૮૭૯ માં મહારાજા પ્રતાપ સિંહ ના લગ્ન મેવાડના બંબોલા ના રાજાની કુંવરી દરિયાકુંવર સાથે થયા હતા.

ઇ.સ .૧૮૮૭ માં ફેબ્રુઆરી મહિનામાં મહારાણી વિક્ટોરિયાના રાજ્યકાળ ને ૫૦ વર્ષ પૂર્ણ થતા તેની ઉજવણી કરવા માટે સમગ્ર હિંદમાં જ્યુબિલી નામનો મહોત્સવ રાખવામાં આવેલો તેમાં પ્રતાપસિંહજી એ પણ ઉમંગભેર ભાગ લઈને રાજ્યમાં એક દિવસ જાહેર તહેવાર તરીકે મનાવેલો તથા શાળાના વિદ્યાર્થીઓને ઇનામ તથા મીઠાઇ વેચવામાં આવેલી તેમજ બીજા લોકોપયોગી કાર્યો પણ કરવામાં આવ્યા .આમ તેમણે અંગ્રેજો પ્રત્યે પોતાની વફાદારી બતાવી આથી ઈ. સ. ૧૮૯૦ માં બ્રિટિશ સરકાર તરફથી રાજા પ્રતાપસિંહજી ને દત્તક લેવાની સનદ મળી.

ઇ.સ. ૧૮૯૬ ની જાન્યુઆરી માસની દસમી તારીખે રાજા પ્રતાપસિંહજી માંદગીના લીધે ગોધરામાં મરણ પામ્યા .તેમને કોઈ સંતાન ન હોવાથી રેવાકાંઠા ના પોલિટિકલ એજન્ટે સુંથની ગાદીના વારસ માટે શોધખોળ કરી આખરે બાકરોલ ગામમાં ભાયાત પરિવારમાંથી જોરાવરસિંહ ને દત્તક લેવામાં આવ્યા તથા તેમને ગાદીએ બેસાડવામાં આવ્યા આ વખતે પણ અંગ્રેજ સરકારે રાજ્યની એક વર્ષની આવક નજરાણા માં લીધી.

રાજા જોરાવરસિંહ નો ૧લી ઓગસ્ટ ઈ.સ.૧૮૯૬ ના રોજ રાજ્યાભિષેક કરવામાં આવ્યો .ત્યારબાદ તેમણે રાજકોટની રાજકુમાર કોલેજમાં વિદ્યાભ્યાસ માટે મોકલવામાં આવ્યા. આ સમયે સુંથના રાજ્યનો રાજ્ય કારભાર બ્રિટિશ મેનેજમેન્ટ પાસે ગયો. તથા રાજ્યના એડમિનિસ્ટ્રેટર તરીકે રા.બ. કૃપાશંકર ભગવાનજી ને નિમિને તેમના મારફતે વહીવટ ચલાવ્યો. જોરાવર સિંહજીનો વિદ્યા અભ્યાસ પૂર્ણ થતાં અને પુખ્ત વયના થતાં તેમને ઈ. સ. ૧૯૦૨માં રાજ્ય ચલાવવા ની સંપૂર્ણ સત્તા સોપવામાં આવી. જોરાવરસિંહજીને આ સમયે રાજ્યની ગાદી તો મળી પરંતુ આ સમયે રાજ્યની આર્થિક સ્થિતિ કથળી ગયેલી હતી. આથી રાજ્ય ની પરિસ્થિતિ સુધારવા માટે જોરાવરસિંહ ઘણા પ્રયાસો કર્યા .તેમણે રાજ્યના વિકાસ માટે જમીનની માપણી કરાવી. શાળાઓ બનાવીને બાળકોને ભણતા કર્યા. કન્યા કેળવણી મફત કરવાની જોગવાઈ કરી.

ઈ.સ. ૧૯૨૭માં સુંથમાં તળાવના કાંઠે મહેલ બાંધવામાં આવ્યો જે ખરેખર જુના મહેલમાં ઉમેરાયેલો એક ભાગ જ હતો. સુંથ થી રામપુર પહોંચવામાં વચ્ચે સૂકી નામની નદી આવે છે ત્યાં નદી ઉપર પુલ પણ આ સમયે જ બાંધવામાં આવ્યો. જેનાથી લોકોને આવન જાવન માં સરળતા મળી.

જોરાવરસિંહ એ સુંથ- રામપુર નો વિકાસ કરતા અને બ્રિટિશ સરકાર પ્રત્યે વફાદારી રાખતા તેમની બ્રિટિશ સરકાર તરફથી 'નાઈટ કમાન્ડર ઓફ ઇન્ડિયન એમ્પાયર' નો ખિતાબ આપવામાં આવેલો .સંતરામપુર નગર માટે તે સમયે નગરપાલિકા પણ કાર્યરત હતી તેના સભ્યોની પસંદગી ચૂંટણી દ્વારા કરવામાં આવતી .મતદારો માટેના અધિકારો આપવામાં સુંથ રાજ્ય એ પહેલ કરી હતી. સંતરામપુરમાં છેક ઈ. સ. ૧૯૨૭થી લોકતંત્ર પ્રક્રિયાની સ્થાપના કરવામાં આવેલી.

જોરાવરસિંહ ના અવસાન બાદ તેમના પુત્ર પ્રવિણસિંહ સુંથ-રામપુર ની ગાદીએ બેઠા. તેમને છેક ફેબ્રુઆરી ઈ. સ. ૧૯૪૭માં સત્તા સોંપવામાં આવેલી.

પરંતુ થોડા સમયમાં જ દેશ આઝાદ થયો થઈ ગયો. ઈ.સ. ૧૯૪૭ માં સુંથ- રામપુરે દેશી રજવાડા નું જોડાણ ભારત સાથે કરવાના કરાર પર હસ્તાક્ષર કરી દીધા અને સુંથરામપુર તત્કાલિન મુંબઈ રાજ્યમાંથી વિલિન થઈ ગયું અને ૧ લી મે, ૧૯૬૦ ના રોજ અલગ ગુજરાત રાજ્યની સ્થાપના થતાં સુંથરામપુર ને ગુજરાત રાજ્યમાં જોડી દેવામાં આવ્યું.

આ સુંથનું રાજ્ય રેવાકાંઠા એજન્સીનું બીજા વર્ગનું રાજ્ય હતું તથા તેમના રાજવીઓ બ્રિટિશ છાવણીમાં જાય ત્યારે તેમને નવ તોપ ફોડીને માન આપવામાં આવતું હતું .સુંથના રાજવીના તાબાના ૩૯૪ ચોરસ માઈલ જેટલી જમીન અને ૨૯૦ જેટલા ગામ હતા. તે ૭૦૦૦/- રૂપિયા બ્રિટિશ સરકારની ખંડણી પેટે દર વર્ષે આપતું તો તેને ૪૪/-રૂપિયા ત્રણ આનાં અને સાત પૈસા ઝાલોદ પરગણામાં થી ૧૭૦/- રૂપિયા ગોધરા પરગણામાંથી ૩૧૭/-રૂપિયા વાંસવાડા તાબાના ચિલગારી માંથી અને ૭૫/- રૂપિયા સંજેલી સંસ્થાનમાં થી દર વર્ષે ચોથા હક બદલ મળતા હતા. સુંથ રજવાડામાંથી મહિ તથા પાનમ નામની નદીઓ તથા સુંથ ની પાસેથી ચિબોટા તથા રામપુર પાસેથી સૂકી નામની નદીઓ પસાર થાય છે. આ રાજ્યમાં બહુ ઊંચા

ડુંગરો નથી પણ નાના-મોટા ડુંગરાઓ ઠેક-ઠેકાણે જોવા મળે છે.

ઓગણીસમી સદીના અંત અને વીસમી સદીના આરંભ સુધી સુંથ -રામપુરના પ્રદેશમાં ઘણે ઠેકાણે વાઘ, દીપડા, વરૂ,સાબર, હરણ જેવા જંગલી પ્રાણીઓ વસતા હતા આજે માત્ર નામના જંગલો તથા નામના પ્રાણીઓ બચ્યા છે .સુંથની ટેકરી પર રાજગાદી નો જે મહેલ હતો ત્યાં પછી શાળા ખોલવામાં આવી હતી. પછીથી તે પી.ટી.સી. કોલેજમાં બદલવામાં આવેલી છે .મહેલના પાછળના રસ્તેથી છેક પર્વતની ટોચ સુધી વાહન લઇને જઇ શકાય છે. અહીં પર્વત પર શિવજીનું મંદિર છે તથા એક વિશાળ મકાન બાંધવામાં આવેલું છે. આ મકાનનો ઉપયોગ જ્યારે રાજા હવા ખાવા માટે આવે ત્યારે તેનો ઉપયોગ થતો અથવા તો કોઇ અંગ્રેજ મહેમાન આવે ત્યારે તેનો ઉપયોગ થતો હતો. આ મકાનની પાસે જ ખુલ્લી જગ્યામાં તે સમયના પથ્થર ના બનાવેલા ડાઈનીંગ ટેબલ તથા પથ્થરની ખુશીઓ છે જે જોવાલાયક ખરી! આ પર્વત પર થી રામપુર નગર આજુબાજુનાં જંગલો તથા હરિયાળી દૂર દૂર સુધી જોઈ શકાય છે. આજે સુંથ-રામપુરના રાજાના વંશજો સુંથ ની ટેકરી નીચે, પાસે આવેલ તળાવ કાંઠે નવા બનાવેલા મહેલમાં રહે છે. હાલમાં પરાજ્યાદિત્યસિંહ પરમાર એ સુંથના રાજાના વંશજ તથા માજી ધારાસભ્ય છે. સુંથમાં આજે પણ પાંખી વસતી છે. જ્યારે રામપુરમાં જ મુખ્ય બજાર તથા રહેણાંક સ્થાન અને સરકારી કચેરીઓ, એસ.ટી. સ્ટેન્ડ ,હોસ્પિટલ વગેરે આવેલા છે. સુંથ રજવાડું નાનું હોવા છતાં પણ તેમણે કોર્ટ ફી બહાર પાડી છે. રાજ્ય માત્રને માત્ર કોર્ટ ફી બહાર પાડી છે જ્યારે દસ્તાવેજ ના બદલે માત્ર કોર્ટ ફી સ્ટેમ્પ લખેલો માત્ર હાથ બનાવટના સિક્કા થી જ કાગળ પર છાપ પાડવામાં આવતી. સંત રાજ્યની કોર્ટ ફી ની વાત કરીએ તો રાજવી જોરાવરસિંહજી અને રાજવી પ્રવીણસિંહ ની ટિકિટો મળી આવે છે. જેમાં જોરાવરસિંહજીની કોર્ટ ફીની ડાબી બાજુએ રાજવીનું મુખ તેની ઉપર મહારાણા શ્રી જોરાવરસિંહજી કે. સી. આઈ.ઈ. લખેલું જોવા મળે છે. જ્યારે જમણી બાજુએ ગુજરાતી ભાષામાં સંત સ્ટેટ કોર્ટ ફી લખેલું સ્પષ્ટ વંચાય છે. તેની નીચે નંબર ,લેનાર, ઠેકાણુ, તારીખ વગેરે લખેલું વંચાય છે અને નીચે એક આનો લખેલું વંચાય છે. આ ટિકિટ લાલ કલરની છે. તેવી જ રીતે રાજવી પ્રવિણસિંહ ની ટિકિટ પર રાજવી નો ફોટો તેની ઉપર મહારાણા શ્રી પ્રવિણસિંહજી સ્વ. સંત લખેલું વંચાય છે. જમણી બાજુએ સંત સ્ટેટ, કોર્ટ ફી, નંબર, લેનાર, ગામ, ઠેકાણું, તારીખ વગેરે લખેલું વંચાય છે. કોર્ટ ફી પાંચ રૂપિયાની બહાર પાડવામાં આવેલી તથા પ્રવિણસિંહ છેક ૧૯૪૭ માં ગાદીએ આવેલા હોવાથી ટિકિટો ચલણમાં ઓછી આવેલી. સંત રાજ્યના કોર્ટ પેપર ની વાત કરીએ તો આ રજવાડું નાનું હોવાથી તેને કોઈપણ પ્રકારના દસ્તાવેજ છાપ્યા નથી. માત્ર એક આનાનો જાંબલી કલર થી સિક્કો કોર્ટ ફી સ્ટેમ્પ તરીકે કોરા કાગળ પર પાડીને છાપવામાં આવતો. જે ગોળાકાર હતો તેની ઉપરની બાજુએ સ્વ. સંત કોર્ટ ફી સ્ટેમ્પ અને વચ્ચે એક આના નાગરી ભાષામાં લખવામાં આવતું હતું.(૬)

**પાદ નોંધ :-**


૧.ખાચર, પ્રદ્યુમન. પ્રાચિન ભારતના વિદેશી યાત્રીઓ, પુષ્પરાજ ધાંધલ, સણોસરા, ૨૦૦૦, પૃ.૧૯.

૨.ઠાકર, બચુભાઇ, યાત્રા, સાધના દિપોત્સવી અંક, ૨૦૦૦, પૃ.૮-૯

૩.જાની, એસ.વી. પરિભાષા સ્વરૂપ અને પ્રકાર (સં), કોરાટ, પી.જી. અને દેસાઇ મહેબૂબ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર, ૨૦૦૪, પૃ.૪૬.

૪.ડૉ.પ્રતિભા, ભારત મે પર્યટન ઉત્પાદન એવં સાસ્કૃતિક - ઐતિહાસિક વિરાસત, એ બી ડી પબ્લીસર્સ, જયપુર, ૨૦૧૦, પૃ.૬

૫.શાહ, આર.જે. ટુરીઝમ ડેફીનેશન એન્ડ રેગ્યુલેશન (સં) કોરાટ, પી.જી. અને દેસાઇ મહેબૂબ, ઇતિહાસમાં પ્રવાસન વિનિયોગ, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર, ૨૦૦૪, પૃ.૨૪૫.

૬.પંડ્યા, આર.એમ. (સંપાદક), મનમોહક મહિસાગર, જિલ્લા વહીવટીતંત્ર લુણાવાડા- મહિસાગર, ૨૦૧૫, પૃ.૫૭-૬૩